ગાંધીનગર સમાચાર

ગાંધીનગરનો છાત્ર આઈએસઈ ધો-૧૨માં ઝળકયો

# શહેરમાં મહારાણા પ્રતાપ જન્મજયંતિની ભવ્ય શોભાયાત્રા

## શોભાયાત્રામાં સંસ્કાર, શિક્ષણ, સ્વચ્છતા અને બેટી બચાવોના મુદ્દે દરેક સમાજ જીવનને સ્પર્શતો સંદેશ પાઠવાયો







ગાંધીનગર, તા.૯

ભારતના મહાન સપૂત મહારાણા પ્રતાપની ૪૭૬ મી જન્મજયંતિ નિમિતે ગાંધીનગરની ત્રણેય રાજપૂત સંસ્થાઓ દ્વારા આજે સેકટર - ૧૭ શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ ખાતેથી સવારે ૮ કલાકે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રાનો શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમાજના સૌ ભાઈઓ, યુવાનો સાફામાં સજ્જ તેમજ બહેનો પારંપરિક વસ્ત્રોમાં સજ્જ જોવા મળ્યા હતા. જયારે રાજપૂત સમાજની દિકરીઓએ શાભોયાત્રામાં સુંદર તલવાર રાસ તેમજ યુવાનોએ અદ્ભુત તલવારબાજીનું નિદર્શન કરતા માર્ગ પરથી પસાર થતા તમામ નગરજનો દંગ રહી ગયા હતા. યાત્રા દરમિયાન શિક્ષણ, સંસ્કાર, સ્વચ્છતા અને બેટી બચાવોનો સુંદર મેસેજ પણ પાઠવ્યો હતો. સમાજના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતા.

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર, શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ અનો ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા મહારાણા પ્રતાપની જન્મજયંતિ અને આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સમાજના ભાઈ-બહેનોને પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે ગાંધીનગરમાં વસતા રાજપૂત સમાજના ભાઈ બહેનો દ્વારા સતત બીજીવાર મહારાણા પ્રતાપની જન્મજયંતિ અને આમૂલ




પરિવર્તનની ઉજવણી કરી રહ્યું છે તે અભિનંદનને પાત્ર છે. સમાજના સંગઠન ચલાવવા અને ઉત્સવો ઉજવવા અઘરુ કામ છે. જયારે કુરિવાજ, અંધશ્રધ્ધા, મરણની વિધી હોય તમામમાં પરિવર્તન જરુરી છે. પહેલાના સમયમાં ખેતી કરતા ગામના લોકો અભાવમાં જીવન વ્યતિત કરતા હતા જયારે અત્યારનો યુવાવર્ગ પ્રભાવમાં જીવન જીવે છે. તેવા યુવાનોની લાઈફ સ્ટાઈલ વૈભવી હોય છે. વધુમાં કહેતા સ્વચ્છતા, બેટી બચાવો અને વ્યસન મુકિત જેવા દુષણો અંગે રાજપૂત સમાજે આગળ આવવું જોઈએ.બાદમાં મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. ૩ ખુલ્લી જીપ, ૫૦ બાઈક, ગાડીઓ, ૮ અશ્વ સહિત શોભાયાત્રામાં રાજપૂત સમાજના ભાઈ બહેનો પગપાળા જોડાયા હતા. જયારે યાત્રામાં મહારાણા પ્રતાપ અનો ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની વેશભુષામાં સજ્જા બાળકોએ અનોખુ આકર્ષણ જમાવ્યું હતું. સેકટર-૧૭ થી ઘ માર્ગ થઈને ઘ-૩ સર્કલ થઈને સેકટર-૧૨ ખાતે રાજપૂત સમાજ ભવન ખાતે ૧૧ કલાકે પહોંચી હતી. શોભાયાત્રા યુવાનો આમુલ પરિવર્તનના વિવિધ સુંદર પ્લેકાર્ડ દર્શાવતા મહારાણા પ્રતાપ કી જય ના નારા લગાવતા વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ યાત્રા દરમિયાન રાજપૂત યુવાનાએ ટ્રાફીક પોલીસની સાથે ખાસ ટ્રાફીકની વ્યવસ્થામાં કોઈને અડચણ ઉભી ના તે અંગે તકેદારી રાખવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મનપાના ડ. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, કોંગ્રેસના આગેવાન રાજેન્દ્રસિંહ ચાવડા, ક.કા.રાજપૂત સેવા સમાજના પ્રમુક રમજુભા જાડેજા, ગાં.જિ.રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, ગાં.રાજપૂત સમાજના કરણસિંહ વાઘેલા, ક્ષત્રિય યુવક સંઘના મહાવીરસિંહ શેખાવત, યુવા વિકાસ પરિષદના સંજયસિંહ રાઠોડ, મહારાણા સંકલનકર્તા જે.એલ.રાણા. ગા.જિ.રાજપૂત મહિલા સંગઠનના પ્રેમબા હાડા, ગાં.જિ.રાજપૂત મહિલા મંડળના સુશીલાબા જોડેજા, ત્રણેય સંસ્થાના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા, દિલીપસિંહ પરમાર, મહેન્દ્રસિંહ વાઘેલા સહિત મોટીસંખ્યામાં સમાજના ભાઈ-બહેનો, યુવાનો હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

● સેકટર-૨૩ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજમાં સવારે ૯.૩૦ કલાકે વિશ્વ જળ સંપત્તિ દિવસ નિમિત્તે વકતવ્ય યોજાશે.

● ગુજરાત કૃષિ બજાર બોર્ડ દ્વારા મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે કૃષિને લગતો કાર્યક્રમ યોજાશે.

## સુઘડ નર્મદા કેનાલ પાસે સર્પદંશથી યુવાનનું મોત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીકની સુઘડ નર્મદા કેનાલ પાસે સવારના સુમારે ૨૫ વર્ષીય યુવાનનું સર્પદંશથી કરૂણ મોત નિપજયું હતું. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા ચિઠોડીનો મૂળ વતની બળદેવ જયંતિભાઈ પરમાર, ઉ.વ. ૨૫ થોડા દિવસ અગાઉ અમદાવાદના નોબલ નગર ખાતે તેની બહેનના ઘરે આવ્યો હતો. બળદેવભાઈ છેલ્લા ઘણા સમયથી સાપ પકડવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે. આ દરમિયાન બળદેવ નોબલ નગરથી સુઘડ નર્મદા કેનાલ પાસે ફરવા આવ્યો હતો અને ત્યાં સાપ દેખાતા તેને પકડવાની કોશિશ કરી હતી. બસ આજ સમયે ઝેરી સાપે બળદેવના ડાબા હાથના કાંડા પર ડંખ મારતા તેને તુરંત સારવાર અર્થે અડાલજ પીએસસીમાં લાવવામાં આવ્યો હતો જયાં તેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ બનાવ અંગે ડૉ. દિપીકાબેન વાઘેલાએ અડાલજ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાતવાતમાં

● શહેરમાં મહારાણા પ્રતાપની જન્મજયંતિ નિમિત્તે નિકળેલી ભવ્ય શોભાયાત્રાએ નગરજનોનું ધ્યાન આકર્ષ્યું હતું. આ શોભાયાત્રામાં મનપાના નવનિર્વાચિત ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉર્ફે જીગાબાપુ તથા કોંગ્રેસના અગ્રણીઓ રાજેન્દ્રસિંહ ચાવડા તથા જયરાજસિંહ વાઘેલાને હળીમળીને વાતો કરતા નિહાળી નગરજનોને અચંબો થયો હતો.

● શહેરમાં આયોજિત રાજયકક્ષાની ડે નાઈટ ફુટબોલ ટૂર્નામેન્ટે નગરના યુવા ખેલાડીઓમાં ભારે ઉત્સુકતા જગાવી છે. આ ટૂર્નામેન્ટમાં કયા કયા રાષ્ટ્રીય ખેલાડીઓ આવશે તે અંગે અનેક તર્ક વિતર્ક આ ફુટબોલ રસિકો રજૂ કરી રહ્યાં છે.

● બુધ સંક્રમણની ઘટનાએ નગરજનોમાં સારી એવી ચર્ચા જગાવી હતી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સંક્રમણ નિહાળવા પ્રયત્ન કરતા કેટલાક બાળકોને ટેલિસ્કોપમાં બુધ દેખાયો કે નહિ? તેવું કો-ઓર્ડીનેટરે પુછતા બાળકોએ હા દેખાય છે તેવો જવાબ આપતા સૌ કોઈ હસી પડયા હતા.

● ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં કોબા માર્ગ પર સવારના સુમારે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઘાયલ વાહન ચાલકને સારવાર અર્થે ખાનગી દવાખાને લઈ જવાયો હતો.

● સોમવારે ગાંધીનગરમાં કોઈ જ વ્યકિતનું અવસાન થયું નહોતું. શહેરના અંતિમધામ મુકિતધામ ખાતે ઘણા સમય પછી ફરી એકવાર કોઈ ચિતા સળગી નહોતી.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## જગતના તાતે ખેતમુર્હુત કર્યા

અખાત્રીજના પવિત્ર દિવસે શુભ મુર્હુતમાં ખેડૂતોએ ખેતીના શ્રીગણેશ કર્યા હતા. આ દિવસે ખેતીમાં ઉપયોગમાં લેવાતા તમામ ઓજારોનું પણ પૂજન અર્ચન કર્યું હતું. ધરતીને નમન કરી કંકુ ચોખા અને શુધ્ધ પાણી થકી વધાવી હતી. શ્રીફળ વધેરીને સારી ખેત પેદાશ થાય તેવો આશાવાદ રાખ્યો હતો. વધુમાં આ દિવસે ખેતમાલિક અને ખેતીમાં ભાગીદાર તરીકે ગણાતા ભાગીયા નવેસરથી હિસાબ કિતાબ કરી અખાત્રીજથી નવો કરાર અમલી બને તે રીતે લેખિતમાં નિર્ણય લેવાયા હતા. અખાત્રીજથી ચોમાસુ ખેતીનો શુભારંભ કરવા આજે ખેતરમાં ખેડાણ કરી મુર્હુત કરી લીધા છે. આજના આ પવિત્ર દિવસે ઘરમાં લાપસી (કંસાર)ના પ્રસાદ સૌ પરીવારજનો આરોગીને વર્ષ એકંદરે શ્રેષ્ઠ પૂરવાર થાય તેવી ખેડૂતવર્ગે આશા સેવી છે.

તાજેતરમાં ગાંધીનગર સ્થિત ઘ-૭ વસાહતમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ દ્વારા અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા એકટ ૨૦૦૮ હેઠળ એક કાનૂની શિબિરનું આયોજન કરવાાં આવ્યું હતું. જેમાં પેરા લીગલ વોલન્ટીયર્સ શ્રી જયરામભાઈ સોની અને સીતારામભાઈ પટેલે હાજર રહીને બાંધકામ ક્ષેત્રે હેઠળ કાર્યરત શ્રમયોગીને કાયદા હેઠળ મળતા લાભો અને પોતાના નામ નોંધણી કરાવવા સમજ આપી હતી. નવા સત્રથી ધોરણ-૧માં દાખલ કરવા પાત્ર બાળકોને રાઈટ ટુ એજયુકેશન અંતર્ગત શાળામાં દાખલ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## લાયોનેસ કલબ દ્વારા વાસણા ચૌધરી ખાતે આંખ નિદાન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૯

લાયોનેસ કલબ દ્વારા વાસણા ચૌધરી ખાતે નિઃશુલ્ક આઈ ચેક અપ કેમ્પ યોજાયો હતો.

પ્રમુખશ્રી વૈશાલીબેન જોષીના નેતૃત્વ હેઠળ વાસણા ચૌધરી ગામે નિઃશુલ્ક આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૮૦ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૪૦૯ દર્દીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરાયું હતું. ૧૯ મોતીયાના દર્દી જણાયા હતા જેમના વિના મૂલ્યે મોતીયાના ઓપરેશનસિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં કરવામાં આવશે. આ કેમ્પમાં ગાયત્રી પરીવાર તથા વાસણા ચૌધરી ગ્રામ પંચાયતનો પુરતો સહયોગ મળ્યો હતો.

પ્રમુખશ્રી વૈશાલી જોષી, સેક્રેટરી દક્ષા જાદવ, મિત્તલ રાણા તથા ગ્રીષ્મા ત્રિવેદીએ સુંદર સેવા આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે કલા શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓની ઓળખ અને વિકાસ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેકટર-૨૦, ગાંધીનગર દ્વારા કલાશિબિર-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને શાસ્ત્રીય અને સુગમ સંગીત, ચિત્રકલા, આર્ટ એન્ડ ક્રાફટ જેવા વિષયો શીખવવામાં આવી રહ્યા છે. વિશેષમાં તેઓના સર્વાંગીણ વ્યકિતત્વ વિકાસ માટે પક્ષી પરિચય, આકાશદર્શન, ભાષાકીય સર્જનશીલતા, ગાણિતિક કોયડા, આહાર-પોષણ, ફિલ્મદર્શન, દેશી રમતો, ભારત પરિચય જેવા વિષયો પ્રત્યે પણ અભિમુખ કરવામાં આવી રહ્યા છે. આ શિબિર અંતર્ગત શિબિરાર્થીઓને બોરીજ મુકામે લઈ જઈને કુંભાર પાસેથી માટીમાંથી અવનવી કૃતિઓ બનાવવાની પ્રક્રિયા, નિદર્શન અને પ્રત્યક્ષ કાર્યાનુભવ પણ મેળવ્યો હતો.

## આર્થિક પછાત વર્ગોમાં અનામત આપવાનો વટહુકમ છેતરપીંડી સમાન

રાષ્ટ્રીય બક્ષીપંચ, એસ.સી., એસ.ટી., માઈનોરીટી, પાટીદાર સમાજ સમિતિ ગાંધીનગરના પ્રમુખ રાજીવભાઈ પરીખ તથા દિનાબેન પરીખે એક સંયુકત અખબારી યાદીમાં જણાવ્યા મુજબ આજે ૧૦ટકાથી ૧૭ ટકા વસ્તી સવર્ણોની છે તેનો લાભ ૧૦ ટકા આર્થિક અનામત આપી તેમને ખુલ્લો લાભ આપવાની કામગીરી થઈ રહી છે. આજે ૪૯ ટકા અનામત સુપ્રિમ કોર્ટના કારણે સિમિત છે. અગાઉ આર્થિક અનામત બાબતથી ચર્ચાચાલતી હતી અને સવર્ણોની આર્થિક અનામત ૧૦ટકા માંગણી ન હોય આ પાટીદાર સમાજ ગુજરાત સિવાય દેશના અન્ય રાજયોમાં બક્ષીપંચ કોટામાં આવે છે.

ગુજરાતમાં પાટીદાર સમાજે પોતાને બક્ષીપંચમાં સમાવેશની માંગણી કરી ફકત પાટીદાર સમાજની ૧૦ટકા અનામત પક્ષી પંચમાંસમાવેશ કરી આપી શકયા હોત, પરંતુ આ ૧૦ ટકા અનામતથી પાટીદારને કોઈ લાભ થયેલ નથી અને બેથી ત્રણ ટકાનોજ લાભ મળે તેમ છે. સરકારના વટહુકમથી બિન અનામત સવર્ણોની ૧૦ ટકા આર્થિક પછાત વર્ગોમાં અનામત આપવા વટહુકમ લાવી પ્રજાને છેતરવામાં આવી છે. જે આ કાયદો રદ થવો જોઈએ આ બાબતમાં આ સમાજમાંથી આવતા દરેક પક્ષના નેતાઓ, ધારાસભ્યો, સંસદ સભ્યો, રાજસભાના સભ્યો, કાઉન્સીલરો, જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, જાગૃત નાગરિક, કર્મચારીઓ, અધિકારીઓ, સામાજીક કાર્યકર્તાઓ અને રાજકીય પક્ષના કાર્યકર્તાઓ અવાજ ઉઠાવી આ બાબતનું આંદોલન કરી આ સરકારને કાયદો રદ કરવા માંગ કરવી જોઈએ તેમ પણ તેમણે જણાવ્યું છે.

## ત્રણ શખ્સો દ્વારા મહિલા પર હુમલો કરી ઝુપડુ સળગાવતા ચકચાર

શહેરના સેકટર-૨૮ સ્થિત પ્રેસ સર્કલ પાસેના છાપરામાં બે દેવીપૂજક પરિવાર વચ્ચે ઝઘડો થતા એક પરિવારે મહિલાને ઢોર મારી તેનું ઝુપડુ સળગાવી દીધું હતું. આ મહિલાને અંદાજે ૭૦ હજારનું નુકશાન થવા પામ્યું હતું. બીજી તરફ મહિલા ઘરવિહોણી બની ગઈ હતી. આ બનાવ મામલે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સે-૨૮ પ્રેસ સર્કલ પાસે શ્રમજીવી પરિવારના છાપરા આવેલા છે. જયાં કાળીબેન નગીનભાઈ દંતાણી પોતાનું છાપરું બાંધી રહે છે. દરમિયાન પાસે રહેતા પડોશી કોખીબેન અશોકભાઈ દંતાણી સાથે કાળીબેનને બોલાચાલી થતા ઝઘડો થયો હતો. વાતવાતમાં ઝઘડાએ ઉગ્ર રૂપ ધારણ કરતા કોખીબહેને તેમના બે દિકરા ભદ્રેશ અને પ્રકાશ સાથે મળી કાળીબહેન ઉપર લાકડી અને પાઈપ વડે હુમલો કરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી અને બાદમાં કાળીબહેનના ઝુપડાને આગ ચાંપી સળગાવી દીધું હતું. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી અને મહિલાને અંદાજે ૭૦ હજાર રૂપિયાનું નુકશાન થવા પામ્યું હતું. આ મામલે સે-૨૧ પોલીસે કોખીબહેન અશોકભાઈ દંતાણી, ભદ્રેશ અશોક દંતાણી અને પ્રકાશ અશોક દંતાણીના વિરૂધ્ધમાં કલમ ૩૨૩, ૫૦૪, ૪૩૬, ૧૧૪ અને ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગરનો છાત્ર આઈએસઈ ધો-૧૨માં ઝળકયો

એસ.જી.વી.પી. ગુરૂકુળ ઈન્ટરનેશનલ સ્કુલનું ધોરણ દસ અને બાર સાયન્સનું ૧૦૦ ટકા પરિણામ



આવ્યું છે. આઈએસઈ ધોરણ બાર સાયન્સમાં ગાંધીનગરના નીવકુમાર ત્રિભોવભાઈ પટેલે૯૦ટકા ગુણ મેળવી શાળામાં પ્રથમ ક્રમાંકે આવી શાળાનું અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. માધવ પ્રિયદાસ સ્વામીએ વિદ્યાર્થીને આશીર્વાદ આપ્યા હતા તેમજ વેસ્ટર્ન એગ્રી સીડસ લિ. અને શાળા પરીવાર દ્વારા પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વાસ્તુ પ્રસંગનું ભોજન જરૂરિયાતમંદને પીરસાવાયું

ગાંધીનગર, તા.૯

તાજેતરમાં જુનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા નવા વાસણો અને ખાસ વાહન ખરીદી કરી સેવા કાર્ય કરવામાં આવે છે. જેમાં કોઈ પણ વ્યકિતને ત્યાં પ્રસંગોપાત ભોજન વધતા વાહન અને વાસણોની મદદથી ગરીબો સુધી તાજુ ભોજન પહોંચાડવામાં આવે છે. હાલમાં જ ઉનાવા ગામ ખાતે રાજેશભાઈ પટેલના મકાનનું વાસ્તુ કરાયું હતું. જેમાં ૩૦૦થી વધુ માણસોની રસોઈ વધી હતી ત્યારે તેઓએ જુસીકાનો સંપર્ક સાધી ગરીબો સુધી તાજુ ભોજન પહોંચાડી સેવા કાર્ય કર્યું હતું. આ સેવાકાર્યમાં જુસીકાએ પણ પોતાનું યોગદન આપ્યું હતું તેમ કાઉન્સીલના જીલુભા ધાધલે જણાવ્યું છે.

# જીવનસાથી પસંદગી મેળાના સહારે 'કુર્યાત સદા મંગલમ્'ની અપેક્ષાઓ

## શહેરમાં અનેક જ્ઞાતિઓના જીવનસાથી પસંદગી મેળાના આયોજનોની ભરમાર : કજોડાની સંખ્યા ઘટાડવા દરેક સમાજ કટિબધ્ધ

ગાંધીનગર, તા.૯

એવું કહેવાય છે કે લગ્ન તો સ્વર્ગમાંથી નક્કી થયેલા હોય છે અને પૃથ્વીપર તો માત્ર સંયોગો તેને ગોઠવે છે. અગાઉના સમયમાં જયારે બે પરિવારો લગ્નનું ચોકઠું ગોઠવતા ત્યારે લગ્ન કરનાર યુગલને તેમની પસંદગીનો અધિકાર પ્રાપ્ત નહોતો થતો આ કારણે સમાજમાં કેટલાક સજોડા સામે અનેક કજોડા પણ સર્જાતા હતા. અત્યારના આધુનિક જમાનામાં લગભગ દરેક સમાજ હવે સંતાનોને પોતાનો જીવનસાથી પસંદ કરવાની તક પૂરી પાડે છે અન તે માટે બાકાયદા જીવનસાથી પસંદગી મેળાના આયોજન પણ કરવામાં આવે છે. આ જીવનસાથી પસંદગી મેળાના કારણે લગ્નોત્સુક યુવક યુવતિઓ પોતાની પસંદગી અનુરૂપ પાત્રને પસંદ કરી શકે છે. ગાંધીનગરમાં હાલ વિવિધ જ્ઞાતિઓના જીવનસાથી પસંદગી મેળાના આયોજનોની ભરમાળ જોવા મળી રહી છે.

બે વ્યકિત જયારે અગ્નિની સાક્ષીએ લગ્નગ્રંથીથી જોડાય છે ત્યારે સપ્તપદીના ફેરા સાથે કેટલાક વચને બંધાય છે. આ વચનોમાં એકબીજાને અનુકૂળ થઈને રહેવા સાથે જીવનભર વફાદાર રહેવાનું, પત્નિએ પતિ તથા પરિવારની સેવા અને સાર સંભાળનું તો પતિએ ધન-ધાન્ય અને સુરક્ષાનું વચન આપવાનું હોય છે. આ સાથે એકમેકનું સન્માન જાળવવાનું પણ વચન આપવામાં આવે છે. લગ્ન સમયે બોલવામાં આવતું 'સમય વર્તે સાવધાન' પણ ગૂઢાર્થ ધરાવે છે. અગાઉના સમયમાં જયારે લગ્નો માત્ર 'એરેન્જ' થતા હતા જેમાં પરિવારના વડીલો જ પાત્રની પસંદગી કરી લેતા જેને મર્યાદાની બહાર ન જવાની ખોટી પ્રથાને વશ દંપતિઓ સ્વીકાર કરી લેતા હતા પરંતુ તેના કારણે અનેક કજોડા સર્જાતા હતા. આ કજોડામાં એકપાત્ર ખૂબ જ શિક્ષિત હોય અને બીજુ પાત્ર



તદન નિરક્ષર હોય, ઉંમરમાં મોટો તફાવત હોય, દેખાવમાં તફાવત હોય કે સ્વભાવ-વિચારસરણીમાં ઘણી ભિન્નતા હોય તેવી પરિસ્થિતિ સર્જાતી હતી જેના કારણે દુઃખી અને કજીયા કંકાસ ભર્યા પરીવારો સર્જાતા હતા.

આ પ્રકારના કજોડાના કારણે સમાજમાં છૂટાછેડા અને કજીયા કંકાસના કેસોની સંખ્યા અદાલતમાં વધતી રહી છે. દાંપત્ય જીવનના રથના બે પૈડાં સરખા હોવા જરૂરી છે. પરંતુ આ બે પૈડાં એકબીજાથી વિષમ હોવાની સ્થિતિ સર્જાતી હતી. જીવનસાથી પસંદગીમેળાના પ્રતાપે હવે આ સમસ્યા નિવારી શકાય તેવી શકયતાઓ ઉભી થવા પામી છે.

જયારે કોઈ વ્યકિત સાથે આખું જીવન વિતાવવાની વાત હોય ત્યારે તેની પસંદગીમાં ચીવટ હોવી જરૂરી બને છે. જીવનસાથી પસંદગી મેળાના કારણે પરિવારોને પોતાના સંતાનો માટે પોતાની જ્ઞાતિમાંથી યોગ્ય પાત્ર મળી રહે છે અને આંતરજ્ઞાતિય લગ્નનું જોખમ ટાળી શકાય છે. પાત્ર કે પરિવાર પોતાની જ્ઞાતિનું હોય તેથી ઓળખતા હોય તેવું પણ બને જેથી ભવિષ્યમાં જો કજીયા કંકાસ થાય ત્યારે સમાજના સભ્યને મધ્યસ્થી બનાવી તેને સુલઝાવી શકાય છે. અને જેના કારણે કોર્ટ મેટર બનતી અટકાવી શકાય અથવા લગ્નજીવન તુટતું અટકાવી શકાય છે, વળી પોતાની જ્ઞાતિના જ યોગ્ય પાત્ર સાથે લગ્ન થવાથી એક સમાન રીતિ રિવાજો અને વ્યવહારો જળવાય છે. જ્ઞાતિમાં સંપ અને સંગઠન વધે છે. લગભગ દરેક સમાજ કે જ્ઞાતિમાં કેટલીક એવી વિશેષ વ્યકિતઓ હોય છે જેમને જ્ઞાતિના તમામ પરિવારો અંગેની માહિતી જીભના ટેરવે હોય છે. આ વ્યકિતઓ પસંદગી મેળામાં યોગ્ય ચોકઠાં ગોઠવવામાં ઘણા મદદરૂપ થતા હોય છે. સરવાળે જીવનસાથી પસંદગી મેળાના કારણે લગ્ન વખતે બોલવામાં આવતું 'કુર્યાત સદા મંગલમ્' ઘણે ખરે અંશે યથાર્થ થઈ શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકવામાં મદદરૂપ નિવડે છે.